## 1. મહાકવિ કાલિદાસે મુખ્યત્વે કયા કયા ગ્રંથો લખ્યા હતા?

- ચંદ્રગુપ્ત દ્વિતીયનો રાજદરબાર નવ રત્નોથી શોભતો હતો. સંસ્કૃત ભાષાના મહાન કવિ અન નાટ્યલેખક કાલિદાસ તેનારાજ કવિ હતા. તેમણે લખેલી મરાવની કૃતિઓમાં ‘અભિજ્ઞાનશાકુનતલમ્ અને વિકાસાધિપત્યની શ્રેષ્ઠ નાટટ્ય કૃતિ છે. આ નાટકનું અંગ્રેજીમાં ભાષાંતર સર વિલિયમ જોન્સે કહ્યું હતું. કાલિદાસે આ ઉપરાંત ‘માલવિકાગ્નિમિત્ર’, ‘મેઘદૂતમ’ ‘કુમારસંભવ’, ‘રઘુવંશમ’, ‘વિક્રમોર્વશીય’ અને ‘ઋતુસંહાર’ જેવા ઉતમ કાવ્યો અને નાટકોની રચના કરી હતી.

## 2. પ્રાચીન ભારતમાં દુનિયાનાં કયા કયા દેશોમાં સંરકૃતિનો પ્રસાર થયો હતો?

- ભારતીય સાગરખેડૂઓ, વેપારીઓ, આધ્યાત્મિક ગુરુઓએ મધ્ય એશિયા, અગ્નિ એશિયા અને સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયા ના પ્રદેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કર્યો હતો. મધ્ય એશિયા : એક સમયે મધ્ય એશિયાના સમગ્ર પ્રદેશમાં ભારતીય સંસ્કૃતિ ફેલાઈ હતી. સમ્રાટ અશોક, મિનેન્ડર અને કનિષ્કના સમયમાં મધ્ય એશિયાના કેટલાક ભાગો ભારત સાથે રાજકીય રીતે જોડાયેલા હતા.
- ખોતાનમાં આવેલો ગોમતીવિહાર સમગ્ર મધ્ય એશિયામાં બોમ્બ, ધર્મના અભ્યાસ માટેનું પ્રસિદ્ધ સ્થળ હતું. બલ્બ (બેક્ટ્રયા)ના પાટનગર ‘રાજગૃહ’ માં આશરે સૌ મઠ હતા. તેમાંનો સૌથી મોટો મઠ ‘નવસંધારામ’ બોદ્ધ વિદ્વાનોનું મહાન કેન્દ્ર હતું.
- ચીન : ચીનના શહેનશાહ મિગતિએ બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપી ‘રાજ્યધર્મ’ બનાવ્યો. વિશ્વનો સૌથી પ્રાચીન પેગોડા ચીનના ‘હોનાન’ પ્રાંતમાં બંધાયો, જેનું નામ ‘સુંગયોસુ’ છે. આ પેગોડા 15 માળનો છે.
- તિબેટ : સાતમી સદીમાં તિબેટના રાજા સોનત્સાન ગેમ્પોને બે રાણીઓ હતી બંને બોદ્ધ ધર્મ પાળતી હતી. આથી રાજાએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો અને બોદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપ્યો. આ રાજાએ તિબેટમાં આશરે 900 મઠ બંધાવ્યા.
- દક્ષિણપૂર્વ (અગ્નિ) એશિયાના દેશો : અગ્નિ એશિયાના દેશો હિન્દીચીન, સિયામ જાવા, સુમાત્રા, બાલી, બોર્નિયો (ઇન્ડોનેશિયા), કંબોડિયા, ચંપા વગેરેમાં ભારતના વેપારીઓ અને ધર્મ પ્રવર્તકોએ ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કર્યો હતો.
- જાવા : ભારતીય પુરાણોમાં જાવાનો ઉલ્લેખ ‘યવદ્વીપ’ તરીકે થયો છે. જીવામાં ‘રિવંશ’, ‘રામાયણ’, ‘પુરાણ’ વગેરે ગ્રંથો વંચાતા હતા. રામાયણઅને ‘મહાભારત’ પરનાં નૃત્યનાટકો ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવાતા હતા. જાવામાંથી વિશ્વની એક અનુપમ ‘પ્રજ્ઞાપારમિતા ના મુક્તિ મળી છે અને જાવામાં આર્યસંસ્કૃતિના પ્રચારક ‘મુનિ અગમ્ય’ નુ મંદિર છે. સુમાત્રા (શ્રીવિજય)શૈલેન્દ્ર વંશ અગ્નિએશિયાના પરાક્રમી રાજવંશોમાં ખૂબ વિખ્યાત છે, આ વંશના રાજાઓએ 400 વર્ષ તેની જાવા, સુમાત્રા, બાલી, સિયામ અને ફિલિપાઇન્સનાં દ્વીપો પર શાસન કર્યું. જાવામાં આવેલો વિશ્વવિખ્યાત ‘બોરો’ જગતની અજીબ છે. આ સ્તૂપમાં બુદ્ધનાં 504 મંદિરો છે.

### 3. પ્રાચીન ભારતમાં કઈ કઈ ગુફાઓનું નિર્માણ થયું હતું?

- ગુપ્તકાલીન સ્થાપત્યના પાંચ પ્રકાર છે. (1) મદિર (2) ગુફાસ્થાપત્ય, (3) સ્તુપો, (4) સ્તંભો અને (5) મૂર્તિ સ્થાપત્ય . પ્રાચીન ભારતમાં નીચની ગુફાઓનું નિર્માણ થયું હતું :
- અજંતાઈલોરાની ગુઠાઓ : મહારાષ્ટ્રના રંગાબાદ જિલ્લામાં માટેની ગિરિમાળાઓને કોતરીને આ ગુફાઓનું નિર્માણ થયું છે. ઇ. સ. 1819 દરમિયાન બ્રિટિશ આમ જહોન સ્મિથે આ ગુફાનો શોધી હતી. અહી 30 ગુફાઓ છે. જેમાં ઈ. સ. પૂર્વેની બીજી સદીધી છે.
- ઇ.સ. ની સાતમી સદી સુધીનાં ચિત્રો છે. હાલમાં અહી 24 ગુફાઓ છે. 16 અને 17 નંબરની ગુફામાં બુદ્ધના જીવનપ્રસંગો અને જાતક કથાઓનાં ભીતચિત્રો છે, આ ઉપરાંત દેવતાઓ, ગાધર્વો, ભિક્ષુઓ, અપ્સરાઓ, નર્તકીઓ વગેરેના આબેહુબ અને હમણાં જ દોરાયાં હોય એવાં તાજાં ચિત્રો છે. 29 નંબરની ગુફા સૌથી પ્રાચીન છે, જેમાં 16 બૌદ્ધ ઉપાસકોને સ્તુપ તરફ જતા દોરવામાં આવ્યાં છે. પ્રથમ નંબરની ગુફામાં કંડારાયેલી પદ્મપાણી બોધિસત્ત્વની આકૃતિ સમગ્ર એશિયાની ચિત્રજ્યામાં અનોખું સ્થાન ધરાવે છે . ઇલોરાની ગુફાઓના વિહાર અને ચૈત્ય તેમજ હિન્દુ, બૌદ્ધ અને જૈન મંદિરોનું નિમણિ રાષ્ટ્રવંશના શાસનકાળ દરમિયાન થયું હતું.
- 2. બાઘની ગુફાઓ : બાઘની ગુફાઓ મધ્ય પ્રદેશમાં ગ્વાલિયર પાસે આવેલી છે. બાઘની ગુફાઓના ચિત્રો અત્યંત આકર્ષક છે. પ્રવેશદ્વારની બંને બાજુએ બોધિસત્ત્વોની આબેહૂબ આકૃતિઓ છે. આ ગુફાઓની ભીતો પર સંગીત અને નૃત્યના દશ્યો ચિત્રિત કરેલા છે. જેમાં નૃત્ય કરતી નર્તકી અને વિવિધ વાંજિત્રો વગાડતી મહિલાઓ છે. આ ચિત્રો મહિલાઓનો સંગીત અને નૃત્ય પ્રત્યેનો ભાવ દર્શાવે છે. ભીતચિત્રોમાં ઘોડેસવારોના સરદાર, હાથીઓની શોભાયાત્રા વગેરેનાં તાદશ ચિત્રો છે.

### 4. કોણે પારાની ભસ્મ બનાવી ઔષધ તરીકે વાપરવાની ભલામણ કરી હતી?

- નાલંદા વિશ્વવિદ્યાપીઠના આચાર્ય નાગાર્જુને ‘રસરત્નાકર ‘નામનો રસાયણવિજ્ઞાનનો ગ્રંથ લખ્યો હતો. તેમાં તેમણે પારાની ભસ્મ બનાવીને ઔષધ તરીકે વાપરવાની ભલામણ કરી હતી.

### 4. પ્રાચીન સમયમાં કંબોડિયા કયા નામથી ઓળખાતું? ત્યાં ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ કઈ રીતે જણાય છે ?

- પ્રાચીન સમયમાં કંબોડિયાનો પ્રદેશ ‘ખેર’, ‘ફૂનાન’ અને ‘કંબોજ’ના નામથી ઓળખાતો હતો. ઈસુની ત્રીજી સદીમાં કોંડિલ્ય શાખાના એક બ્રાહ્મણે અહી વસાહત ભાષા હતી. તેનું નામ ફૂનાન હતું. સાતમી સદીથી ચૌદમી સદી સુધી તે સર્વાધિક રીતે પ્રસિદ્ધ બન્યું. કંબોજની રાજધાની અંગકોરવાટ ભવ્યતમ નગર હતુ. જયવર્ધન સામો ભોજનો માન રાજા હતો. તેણે હિન્દી ચીન અને ચંપા ના રાજ્યોને જીતીને અંકોરર્થોમમાં નવી રાજધાની બનાવી. રાજધાનીના રક્ષણ માટે ચારેબાજ પથ્થરની ઊંચી દીવાલો બનાવી.
- તેમાં પાંચ પ્રવેશદ્વાર હતા. કંબોજના રાજાખીએ ભારતીય મૂલ્યોને આધારે માની રાજવહીવટ કર્યો. તેમની સરકારી ઇમારતોના નામ સંસ્કૃતમાં કતાં, જેમ કે ‘આરોગ્ય શાળા’ (હોસ્પિટલ), ‘સરસ્વતી’ (સકલ), ‘પુસ્તકાલય’ (લાઈબ્રેરી) , ‘વિપ્રશાલા’ (પ્રાર્થના ખંડ) વગેરે. આ બધાં, નામો આજે પણ પ્રચલિત છે. કંબોજના રાજાઓ હિન્દુ ધર્મ પાળતા હતા તથા શિવ અને વિષ્ણુની પૂજા કરતા. શિલ્પ, સ્થાપત્ય અને વાસ્તુકલાના ક્ષેત્રનું વિશ્વપ્રસિદ્ધ ‘અંગકોરવાટ’નું મંદિર રાજા સુર્યવર્મન બીજાએ બનાવ્યું હતું.

6. ગુપ્તયુગ દરમિયાનના તમિલ સાહિત્યની સમજૂતી આપો.

- ઈ. સ.ની પહેલી સદીથી ત્રીજી સદી સુધીમાં તમિલ સાહિત્યનો પ્રારંભ સંગમ ગ્રંથોથી થયો હતો. આ સમય દરમિયાન તોલ કાપ્પીયમ્' (જેનો અર્થ 'જનું પુસ્તક' થાય છે.) નામનું વ્યાકરણનું પુસ્તક લખાયું. કવિ તિરુવલ્લુવરે 'કુરાલ' નામનો ગ્રંથ લખ્યો. તમિલ સાહિત્યનું સૌથી પ્રાચીન મહાકાવ્ય 'શિલપદીગારમ' (ઝાંઝરનું મહાકાવ્ય) મનાય છે. જેમાં માનવી પ્રત્યેના ઈશ્વરના નિર્માણને વ્યાજબી ઠેરવતી એક તમિલ કથા છે.
- આ મહાકાવ્યનો ઉત્તરાર્ધ "મણિમેખલાઈ" છે. સાતમીથી દસમી સદી સુધીની તમિલ કવિતાઓ મુખ્યત્વે ભક્તિની કવિતાઓ છે. તમિલોના ચોલ સામ્રાજયના ઉદય સાથે મહાકાવ્યોનો યુગ શરૂ થયો. આ સમયમાં ગૌણ મહાકાવ્યો પણ લખાયાં જેમાં 'જીવક', 'ચિંતામણી', 'સુલામણિ', 'પેરિયાપુરાણ' મુખ્ય છે. આ બધામાં સર્વોપરી અને તમિલ બુદ્ધિપ્રતિભાની ભવ્ય અભિવ્યક્તિ સમું મહાકાવ્ય કંબનનું 'રામાયણમ્' હતું. કંબનના યુગ પછી ત્રણ તમિલ સામ્રાજ્યો ચેર, ચોલ અને પાંચ નામશેષ થતાં તમિલ કવિતાનાં વળતાં પાણી થયાં.

7. ગુપ્તયુગની શૈક્ષણિક પ્રગતિ જણાવો.

- ગુપ્તયુગમાં શિક્ષણનો સારો વિકાસ થયો હતો. યુએન શવાંગ તે સમયની શિક્ષણ પ્રણાલિકાની મુક્તકંઠે પ્રશંસા કરે છે. તેનાં લખાણો મુજબ બાલ્યાવસ્થાથી જ મંદિરોમાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ થતો હતો અને તે ક્રમશઃ વિદ્યાપીઠ સુધી પહોંચતું હતું. આ સમયે ભારતમાં નાલંદા, તક્ષશિલા, ગયા, વલભી વગેરે વિશ્વવિખ્યાત શિક્ષણસંસ્થાઓ હતી. ગયા ધાર્મિક શિક્ષણ માટે, તક્ષશિલા ચિકિત્સાશા માટે અને વલભી જૈન ધર્મના શિક્ષણ માટે પ્રસિદ્ધ હતી. વિધાપીઠમાં શિલ્પ, યંત્રવિદ્યા, ન્યાય, આયુવૈદ, તર્ક વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. યુઅનશ્વાગે નાલંદા ખાતે પાંચ વર્ષ ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરી અહી જ ઉપાપાર્ષનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે વખતે સમાજમાં , શિક્ષણ અને શિક્ષકનું સન્માન થતું હતું.
- મુખનસ્વાંગના મતે નાલંદા તે સમયની વિશ્વની સૌથી મોટી અને મૃધ્ધ ર્વિદ્યાપીઠ હતી. અહી 10,000 વિદ્યાર્થીઓ અને 1500 જેટલા વિવિધ વિષયના તજજ્ઞો હતા. અહી દરરોજ જુદા જુદા 100 જેટલા વિષયો પર વ્યાખ્યાન યોજવામાં આવતાં હતાં. અહી મોટે ભાગે વાદવિવાદ અને ચચપદ્ધતિ દ્વારા ઉત્કૃષ્ટ શિક્ષણ આપવામાં આવતું હતું. દેશવિદેશથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ અને જ્ઞાનપિપાસુઓને દ્વારપરીક્ષા(પ્રવેશ પરીક્ષા)માંથી પસાર થવું ફરજિયાત હતું.
- તેમના રહેવાજમવા તથા શિક્ષણ મેળવવાની નિઃશુલક વ્યવસ્થા કરવામાં આવતી. આ વિદ્યાપીઠમાંથી ધર્મ સહિત અનેક વિષયોના પ્રકાંડ પંડિતોને પડોશી દેશોમાં જ્ઞાન પ્રચારાર્થે મોકલવામાં આવતા હતા. ચીની પ્રવાસી ઈસિંગની નોંધ પ્રમાણે પણ નાલંદામાં પ્રવેશવા ઇછતા વિદ્યાર્થીને સૌપ્રથમ વારપરીક્ષા પસાર કરવી પડતી હતી. અહી વ્યાકરણશાસ્ત્ર, ગદ્યપદ્ય સાહિત્ય, તર્કશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર, વેદશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, યોગશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્ર સહિત અનેક વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું.નાલંદાનું ભવ્ય અને સમૃદ્ધ પુસ્તકાલય ધર્મગંજના નામથી પ્રસિદ્ધ હતું. તે 'પુસ્તકાલય રત્નસાગર', 'રત્નોદધિ' અને 'રત્નરંજન' નામની ત્રણ ભવ્ય ઈમારતોમાં વિસ્તરેલું હતું. આમ,આ સમયમાં આપવામાં આવતું શિક્ષણ વૈશ્વિક અને સર્વોત્તમ કક્ષાનું હતું. આ વિદ્યાપીઠોમાં આપવામાં આવતું શિક્ષણ કોઈ એક ધર્મ કે સંપ્રદાય પૂરતું મર્યાદિત ન હતું પરંતુ તે સત્ય અને જ્ઞાનની શોધ પર આધારિત હતું.

## 8. હર્ષકાલીન સમાજની સમજૂતી આપો.

- ચીની પ્રવાસી યુએનશ્વાંગે સમ્રાટ હર્ષવર્ધનના સમયની સામાજિક પરિસ્થિતિનું વિસ્તૃત વર્ણન કર્યું છે. દરેક નગરો અને ગામોને ફરતે કિલ્લેબંધી હતી. એમાં પ્રવેશવા માટે મોટા દરવાજાઓ હતા. રસ્તાની બંને બાજુએ મકાનો અને દુકાનો હતી. સમાજમાં મુખ્ય ચાર વર્ણો ઉપરાંત પાંચમાં મિશ્રિત જાતિ નો વર્ગ હતો. પડદાપ્રથા અને આંતરજ્ઞાતીય લગ્ન પ્રથા પ્રચલિત ન હતી. પરંતુ સતીપ્રથા, બાળલનો અને બકુલગ્નોની પ્રથા શરૂ થઈ. લોકો ખોરાકમાં દૂધ અને તેની બનાવટો ઉપરાંત ઘઉં, ચોખા અને શાકભાજીનો ઉપયોગ કરતો, માંસાહાર પ્રચલિત હતો. જમ્યા પછી માટીનાં વાસણો ફેંકી દેવામાં આવતાં હતાં અને ધાતુના વાસણોને બરાબર સાફ કરીને ફરીથી ઉપયોગમાં લેવામાં આવતાં હતા.
- લોકો સાદા, સફેદ અને સ્વચ્છ વસ્ત્રો પહેરતા. પુરુષો ધોતી અને મહિલાઓ સાડી પહેરતી. લોકો વિવિધ અલંકાર અને સૌંદર્ય પ્રસાધનોનો છૂટથી ઉપયોગ કરતા હતા. મનોરંજનમાં શતરંજ અને સોગઠાબાજીની રમતો પ્રચલિત હતી. ગામડાખોમાં નટ અને મદારીમો લોકોનું મનોરંજન કરતા. વસંતોત્સવની ધામધૂમથી ઉજવણી થતી હતી. લોકો સાદા, સાત્ત્વિક, ધાર્મિક, સદાચારી, સરળ અને ઈમાનદાર હતા. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન, વિવિધ હુન્નર ઉદ્યોગો અને વેપાર હતો. હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયો ઉપરાંત બોદ્ધ અને જૈન ધર્મનું લોકો સ્વતંત્રતાપૂર્વક પાલન કરતા હતા.

## 9. હર્ષકાલીન ભારતની અર્થવ્યવસ્થાની સમજૂતી આપો.

- પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન હતો. રાજ્યની આવકનાં સાધનોમાં જમીનમહેસૂલ અને વેપારી કરવેરા મુખ્ય હતા. જમીનમહેસૂલ ઊપજના 1 : 6 ભાગ જેટલું લેવામાં આવતું હતું. કૃષિની જમીન ફળદ્રુપ હતી, સિંચાઈની સુવિધા આપવાની જવાબદારી રાજ્યની હતી, અનાજ, તેલીબિયાં, કઠોળ, શાકભાજી અને ફળફળાદિનો મબલક પાક લેવામાં આવતો હતો. પશુપાલન એ કૃષિનો સહઉદ્યોગ ગણાતો હતો. દરેક ગામ અને નગરમાં રાજ્ય તરફથી પશુઓ માટે ગોચર (પશુઓને ચરવાની સુવિધા માટ) જમીન ફાજલ રાખવામાં આવતી હતી. હર્ષવર્ધનના સમયમાં વેપાર અને ઉદ્યોગની સ્થિતિ સંપન્ન હતી. સમગ્ર સામ્રાજ્યનો આંતરિક અને બાહ્ય વેપાર વૈશ્યોને હસ્તક હતો.
- ચીજવસ્તુઓના વેપાર, ઉત્પાદન અને ઉદ્યોગો પર કરવેરાનો બોજ નહિવત્ હતો. આંતરિક વેપાર અને માલસામાનની હેરફેર માટે પાટલિપુત્રથી ભૃગુકચ્છ સુધીના રાજ માર્ગની સુવિધા રાજ્ય તરફથી કરવામાં આવી હર્ષકાલીન ભારતમાં તામ્રલિપ્તિ સામ્રાજ્યનું અત્યંત વ્યસ્ત વેપારી બંદર ઋતુ, મહથી જાવા, સુમાત્રા, મલાયા, શ્રીલંકા અને ચીન સાથે વેપાર થતો.
- હર્ષકાલીન ભારતની આયાતનિકાસ ગુપ્તયુગ જેવી જ હતી. વેપાર વિનિમય માટે સોના ચાંદીના સિક્કાનું પ્રચલન હતું. વસ્ત્ર , ચર્મ અને ધાતુઓના ઉદ્યોગો વિકાસ પામ્યા હતા. અલંકારો, મૂર્તિઓ , હાથીદાંત તથા ઈમારતી લાકડાનું રાચરચીલું બનાવીને તેની નિકાસ કરવામાં આવતી હતી. આપાત વેપાર કરતાં નિકાસ વેપાર વધુ હતો.

## 10. ઈસિંગ દ્વારા વર્ણવાયેલ ભારતની માહિતી આપો.

- ચીની યાત્રાનું ઈસિંગ યુએનવાંગ પછી લગભગ 30 વર્ષે જળમાર્ગે ભારતના પ્રવાસે આવ્યો હતો. તે ઇ. સ. 673 થી 688 દરમિયાન ભારતમાં રહ્યો હતો. બૌદ્ધ ધર્મના ગહન અભ્યાસ અને સંસ્કૃત ભાષાનું શિક્ષણ મેળવવા

સમાત્રા ટાપુના શ્રીભોગ મુકામે રોકાઈને પછી ભારતના પ્રસિદ્ધ વિદ્યાધામ તામ્રલિતિ ખાતે આવી પહોંચ્યો હતો. તેની નોંધ અનુસાર સમ્રાટ હર્ષવર્ધનના અવસાન પછી ભારતની રાજકીય સ્થિતિ અસ્થિર હતી. હર્ષના સામ્રાજયનાં નાનાંમોટાં રાજ્યો સ્વતંત્ર બનવા લાગ્યાં હતાં. તેણે નાલંદા ખાતે અભ્યાસ માટે સાત વર્ષ સુધી રોકાણ કર્યું હતું.

- આ સમય દરમિયાન તેણે આશરે 400 ગ્રંથોનું સંસ્કૃતમાંથી ચીની ભાષામાં ભાષાંતર કર્યું હતું. તેની નોંધ મુજબ તત્કાલીન સમાજમાં લોકો ઉચ્ચ આચારવિચારવાળા તેમજ ધર્મ, સત્ય અને ન્યાય પર આધારિત જીવન જીવતા હતા. લોકો ખોરાકમાં ઘઉં, ચોખા, કઠોળ, દૂધ અને તેની બનાવટોનો ઉપયોગ કરતા હતા. મદ્યપાન અને માંસાહારનું પ્રમાણ ઓછું હતું. પ્રજા ઉમદા ચરિત્રવાળી, સરકારી, સદાચારી અને સાદગીપૂર્ણ જીવનવાળી હતી. ઇન્સિગે કાઉફાકાઓ સાંગ યુન' નામનું પ્રખ્યાત પુસ્તક લખ્યું છે.

## 11. હર્ષકાલીન ભારતની ધાર્મિક સ્થિતિની સમજૂતી આપો.

- સમ્રાટ હર્ષવર્ધન પોતાના પૂર્વજોની માફક શૈવધર્મી હતો. તેની રાજમુદ્રા પર નંદીનું ચિહ્રન હતું. પાછળથી તેના મોટાભાઈ રાજ્યવર્ધનની બૌદ્ધ ધર્મ તરફની આસક્તિ તથા રાજ શ્રીને શોધવામાં બોદ્ધ સાધુ દિવાકરમિત્રની સહાયને લીધે બૌદ્ધ ધર્મ પ્રત્યે તેનો અનુરાગ વધ્યો હતો. ઈ. સ. 643ની પ્રયાગ ખાતેની 'મોક્ષપરિષદ'માં તેણે શિવની સૌથી બીદ્ધ પ્રતિમાની પણ પૂજા કરી હતી. ખાથી લોકોની આસક્તિ બૌદ્ધ ધર્મ તરફ વધી હતી. 14 રાજ્યમાં ઠેર ઠેર બોદ્ધ મઠો, વિહારો, ચેત્યો અને વિદ્યાધામો બધાથાં તથા તે બોદ્ધ સાધુ સંતોને વિશેષ આવકાર અને આદર આપતો હતો.
- હર્ષવર્ધને કનોજની સર્વધર્મપરિષદમાં મહાયાન સંપ્રદાયની શ્રેષ્ઠતા સાબિત કરવા પ્રયત્ન કર્યો હતો. તેમાં તેણે યુઅન શવાંગને પ્રમુખપદ  તેણે કશમીરના રાજા પાસેથી બુદ્ધના દોતના અવશેષો મેળવીને કનોજના અંધારામમાં સુરક્ષિત મૂક્યો હતો. ઓડિયામાં મીનપાન સંપ્રદાયના સ્થાને મુઃ પિાન સંપ્રદાયને પ્રતિષ્ઠિત કરવા માટે તેણે ચાર મહાન પ્રચારકોને મોકલ્યા હતા. નાલંદા બૌદ્ધ વિદ્યાપીઠને રાજ્યાશ્રય આપવામાં આવ્યો તો અને ધર્મપરિષદનું નિયમિત આયોજન કરવામાં આવતું હતું. હર્ષવર્ધનનો પ્રથાનોને લીધે જ રાજધાની કનોજ બૌદ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું. ગુપ્તયુગ અને પ્રવાસી ફાહિયાનના સમયમાં કનોજમાં માત્ર બે જ બૌદ્ધ મઠો હતા જ્યારે હર્ષવર્ધનના સમયમાં પ્રવાસી યુએનવાગે 100 બૌદ્ધ મઠો હોવાનું નોંધ્યું છે. હર્ષવર્ધન પોતાના દૈનિક કાર્યમાં પર્મને વિશેષ મહત્ત્વ માપતો હતો અને સર્વધર્મસમભાવ રાખતો હતો. તે દર પાંચ વર્ષે પ્રયાગની મોક્ષપરિષદમાં બુદ્ધની સાથે સાથે હિન્દુ દેવીદેવતાનોની પૂજા અને અર્ચના કરતો હતો. તેના દરબારમાં રાજ કવિ બાણ, મયુર ભટ્ટ જેવા બ્રાહ્મણ વિદ્વાનો તથા યુઅનેશ્વાંગ, જયસેન અને દિવાકરમિત્ર જેવા બૌદ્ધ વિદ્વાનો એ કસમાન સન્માન મેળવતા હતા.

## 12. અગ્નિ એશિયાના દેશોમાં ભારતીય સંસ્કૃતિના પ્રચારપ્રસાર માટેનાં પરિબળો જણાવી તેની પ્રારંભિક પ્રક્રિયાનો ખ્યાલ આપો.

- ગુપ્તયુગ સુધીમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિને દુનિયાની ગ્રીસ કે રોમ જેવી ખ્યાતનામ સરકૃતિઓની હરોળમાં એક વિશિષ્ટ પ્રકારનું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું કાર્યક્ષેત્ર પણું વ્યાપક હતું. તેણે ભારતની સીમાઓ ઓળંગીને ફનાન, કંબોજ, ચંપા, જાવા, સુમાત્રા, બર્મા, બાલી અને બોર્નિયો જેવો અગ્નિ એશિયાના

દેશોની સંસ્કૃતિઓના ઘડતર તથા વિકાસમાં અનેરો ફાળો આપ્યો હતો. ભારત પૂર્વ તથા પશ્ચિમ તરફના પ્રાચીન સમયના જાણીતા દેશોની લગભગ મધ્યમાં આવેલો છે, એના આ ભૌગોલિક સ્થાનને કારણે અહીં વિદેશોમાંથી વેપારીઓ અને ધર્મપ્રચારકો આવ્યો અને અહીથી પણ વિદેશોમાં ભારતના વેપારીઓ અને ધર્મપ્રચારકો ગયો.

- આના પરિણામે ભારતીય સંસ્કૃતિનો પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફના દેશોમાં પ્રચાર અને પ્રસાર થયો. અગ્નિ એશિયાના દેશોમાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો થવાના કારણોમાં ભારતનું ભૌગોલિક સ્થાન, ભગવાન બુદ્ધનું જન્મસ્થાન , વહાણે બાંધવાની કલા, સામુદ્રિક સફર અને સાહસિકતાનો શોખ ધરાવતા વેપારીઓ વગેરેને ગણાવી શકાય.
- આ પ્રદેશોમાં શરૂઆતમાં વેપારીઓ, ત્યારપછી રાજપુરુષો અને ત્યારબાદ ધર્મગુરુઓ, ખેડૂતો, કારીગરો, કલાકારો, કસબીઓ, કવિઓ, વૈધો તેમજ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોએ પણ વસવાટ કર્યો. આ બધાએ પોતાના વ્યવસાય કે શોખની સાથે સાથે પોતાના વતનના આચારવિચાર, રીતરિવાજો, ધર્મ, સાહિત્ય, કલા વગેરેને પણ આ દેશોમાં દાખલ ક્ય, સમય જતાં ભારતીય સંસ્કૃતિનાં ઓ બધાં તત્ત્વોનું અહીની મુળ સંસ્કૃતિ સાથે મિલન થતાં આ દેશોમાં ભારતીય સંસ્કૃતિને એક નવું સ્વરૂપ ધારણ કર્યું. પરિણામે ભારતની બહાર વિદેશોમાં 'વિશાળ ભારત'નું સર્જન થયું. આ દેશો પર બોદ્ધ ધર્મની અસર સારી રીતે થયેલી જોવા મળે છે, ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરાંત સાહિત્યના ક્ષેત્રે ભારતે અગ્નિ એશિયાના દેશોને પંચતંત્રની વાતીનિ અને જાતકકથાઓની ભેટ આપી છે. એ જ રીતે ભારતીય આંકડા રાજ્યની સંજ્ઞા દશાંશપદ્ધતિ, વૈદકશાસ્ત્ર અને ખગોળવિદ્યાના સિદ્ધાંતોનું જ્ઞાન આરબો ભારત પાસેથી લઈ ગયા અને તેનો યુરોપમાં ફેલાવો કર્યો.

### 13. અગ્નિએશિયાના ફૂનાન (Funan) રાજ્યમાં ભારતની સાંસ્થાનિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું વર્ણન કરો.

- અગ્નિએશિયામાં હિંદી ચીનથી દક્ષિણે 'ફના' નામનું રાજ્ય આવેલું હતું. ફૂનાનના રાજ્યમાં હાલના કંબોડિયા અને કોચીન પ્રદેશોનો સમાવેશ થતો હતો. એક પ્રચલિત કથા મુજબ આ હિન્દુ રાજ્યની સ્થાપના ભારતના કોડિયન નામના બ્રાહ્મણ અને તેની સ્થાનિક આદિવાસી પત્ની સીમાએ ઈસુના પહેલા સૈકામાં કરી હોવાનું મનાય છે. ફૂનાન રાજ્યની રાજધાની તુએનસુઇન હતી. અહી 500 ભારતીય વેપારી કુટુંબો, 200 બૌદ્ધ સાધુઓ તથા 1000 બ્રાહ્મણો વસવાટ કરતા હતા. આમ, આ રાજ્ય ભારતીય હિન્દુ રાજ્ય બન્યું હતું. ઈસુના ત્રીજા સૈકા દરમિયાન આ વંશના 'ફાનેચે  માને' નામના મહાન શક્તિશાળી રાજાએ મલય ટાપ, થાઈદેશ, લાઓસ તેમજચંપા જેવા પડોશી રાજ્યોને જીતી લીધાં.
- આ પ્રદેશોમાં તેણે પોતાની સત્તા સ્થાપી, રાજાઓને પોતાના ખંડિયા બનાવ્યા અને ભારતીય સંસ્કૃતિનો પ્રચારપ્રસાર કર્યો. આથી જ તેને 'ફનાનના મહાન સમ્રાટ' તરીકે ઓળખવામાં આવે તેણે ચીનના શહેનશાહના દરબારમાં એક પ્રતિનિધિમંડળ મોકલ્યું હતું. તે ધર્મસહિષ્ણુ રાજવી હતો. તેના સમયમાં શૈવ, વૈષ્ણવ અને બૌદ્ધ ધર્મ પ્રત્યે સમાન ભાવ રાખવામાં આવતો હતો. ફાચે  માનેના અવસાન પછી નિર્બળ વારસદારોને કારણે ફૂનાન સામ્રાજ્યની પડતી થઈ. આથી કંબોજના હિન્દુ રાજાઓએ તેને જીતી લઈને કંબોજના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

### 14. કંબોજ રાજ્યમાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર પ્રસારનો અહેવાલ આપો.

- કંબોજ (કંબોડિયા) રાજ્યના સ્થાપક 'કબુ' નામના એક મહર્ષિ હતા. છઠ્ઠી સદીના અંત ભાગમાં કંબોજના રાજવીઓએ ફનાનનું રાજ્ય જીતી લીધું. આથી સમગ્ર હિંદી ચીનનો વિસ્તાર તેમના હકુમત નીચે આવ્યો.

ત્યારથી તે ‘કંબોજ’ના નામથી ઓળખાવા લાગ્યું. કંબૌજના રાજવીઓ સ્થાનિક ‘ખેર’ વંશના હતા. સાતમી સદીમાં મવવર્મને ઉનાન રાજ્ય પર કંબોજનું વર્ચસ્વ સ્થાપી ભવપુર મુકામે નવી રાજધાની સ્થાપી, ત્યાં ભવ્ય શિવમંદિર બનાવ્યું. તેના પૌત્ર ઈશાવર્ગને ચીન સાથે રાજકીય સંબંધો સ્થાપ્યા.

- ખેર રાજવંશના રાજા જયવર્ધન પ્રથમે સુયોગ્ય અને પરાક્રમી તરીકે નામના મેળવી. તેણો રામાયણ અને મહાભારતને સંસ્કૃત ભાષાના માધ્યમથી કંબોજ ખાતે પ્રચલિત બનાવીને ભારતીય સંસ્કૃતિનો પ્રચારપ્રસાર કર્યો હતો. કંબોજના રાજાઓ સાહિત્ય, શિલ્પ અને કલાના ઉપાસકો હતા. જયવર્મન દ્વિતીયના શાસનકાળથી અંગકોર સામ્રાજ્યની સંસ્કૃતિ પ્રચલિત બની.
- આ સમયગાળા દરમિયાન કંબોજ સામ્રાજ્યનો વિસ્તાર લાઓસ, સિયામ તથા યૂનાન સુધી ફેલાયો હતો.કંબોજ રાજવી યશોવર્મન શસ્ત્ર અને શાસ્ત્રોમાં પારંગત હતો. પતંજલિના ‘મહાભાષ્ય’ પરની તેની ટીકા અત્યંત પ્રશંસાપાત્ર છે. તેણે કમ્મપુરી (યશોધરપુર) નામની નવી રાજધાની બનાવી અને ત્યા અનેક બૌદ્ધ વિહારો તથા મઠો બંધાવ્યા. ખેર રાજાઓના પ્રયત્નોને લીધે અગિયારમી અને બારમી સદીમાં આ સંસ્કૃતિ બમ અને સિયામ સુધી ફેલાઈ ગઈ હતી. બારમી સદીમાં સુર્યવર્મન દ્વિતીયના શાસનકાળ દરમિયાન બંધાયેલા ‘અંગકોરવાટ’ના વિષ્ણુ મંદિરનો વિશ્વની અજાયબીઓમાં સમાવેશ થાય છે.
- બારમી સદીના અંત ભાગમાં જયવર્મન સાતમાએ ‘અંગકોર થોમ’નું ભવ્ય પાટનગર બંધાવ્યું હતું. આ નગર ખેર સ્થાપત્યકલાનો સર્વોત્તમ નમૂનો છે. અહી આવેલું બેયોનનું મંદિર દુનિયાભરમાં અદ્વિતીય ગણાય છે. વિદ્વાનો તેને ‘વિશ્વનું સર્વોત્તમ કલ્પનાપૂર્ણ અને અદ્વિતીય સ્થાપત્ય કલાધામ’ ગણે છે. કંબોજના રાજાઓ દાનેશ્વરી અને ધર્મપ્રિય હતા. રાજા જયવર્મન સાતમાએ બંધાવેલા એક મંદિરમાંથી મળેલા શિલાલેખ પરથી જાણવા મળે છે કે પૂજાનૃત્ય અને અર્ચનાવિધિ માટે, સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તથા દેખરેખ રાખવા માટે આ મંદિરમાં હજારો લોકો રહેતો હતા. મંદિરના ખર્ચ માટે અનેક ગામડાંની આવક આ મંદિરને ભેટ ધરવામાં આવી હતી. આમ, ખેરવંશના રાજાઓએ નવમી સદીથી ચૌદમી સદી સુધી એકહથ્થુ રાજસત્તા ભોગવી હતી. ચૌદમી સદી પછી કંબોજ રાજ્યના પડતી શરૂ થઈ અને ત્યાંના રાજાઓ પાસે નામની જ સત્તા રહી.

15. “જાવાસ્ક્રીપ એ પ્રાચીનતમ ભારતની સાંસ્કૃતિક પ્રગતિનું આજે પણ જીવંત ઉદાહરણ ગણાય છે.” સમજાવો.

- યવદ્રીપ (જાવા) નામે જાણીતા આ ટાપુ પર હસ્તિનાપુરનાં પાંડવ રાજાના મંત્રી આજશિકે ઈ. સ. 56માં હિન્દુ રાજ્યની સ્થાપના કરી હતી. કલિંગથી આશરે 20 હજાર કુટુંબો અહી આવીને વસ્યાં હતા. પાંચમી સદી સુધીમાં અહી અનેક હિન્દુ રાજ્યો સ્થપાઈ ચુક્યાં હતાં. તેમાં ચોપો (ClioPo) અને હોલો તાન (holotan) મુખ્ય હતા. અહી નાં રાજાઓએ પોતાના રાજદુતો ને નામના દિન રાજ્યની સ્થાપના કરી હતી. તેના ઉત્તરાધિકારી સંજયે સમગ્ર જાવા તથા બાલી દ્વીપ પર સત્તા જમાવી હતી. આઠમી સદીમાં શલેન્દ્ર સામ્રાજ્ય જોવા રાજ્ય જીતી લીધું.
- તેરમી સદીના ઉત્તરાર્ધમાં શૈલેન્દ્ર સામ્રાજ્યનો અંત કરીને જાવામાં મજાપહિતનું બળવાન સામ્રાજ્ય ઊભું થયું. તેના રાજા રાજસંગારના શાસનકાળમાં આ સામ્રાજ્યનો વિરતાર, બીવિજય સામ્રાજ્યના વિસ્તાર જેટલો હતો. તેની સમૃદ્ધિ અને સંસ્કારિતાને કારણે આજુબાજુના પ્રદેશોમાંથી ઘણા લોકો અહી આવીને વસ્યા હતા. પંદરમી સદીમાં મજાપહિત સામ્રાજ્યની પડતી થઈ અને ત્યાં મલાક્કાના હિન્દુ રાજ્યની સત્તા સ્થપાઈ.. સોળમી સદીના પ્રારંભમાં મલાક્કાના હિન્દુ રાજાએ ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો અને સુમાત્રાના મુસ્લિમ રાજાની કન્યા સાથે

લગ્ન કર્યો. આ પછીના સમયમાં જાવોમાં ઇસ્લામ ધર્મનો ફેલાવો થયો. આથી મજાપહિતના હિન્દુ રાજાઓ આ પ્રદેશ છોડી બાલી ટાપુ પર સ્થિર થયાં. જાવામાં આવેલો બોરોબુદુર ખાતેનો બૌદ્ધ રસ્તૂપ તેના કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ વિશ્વવિખ્યાત છે.

### 16. સુમાત્રાદ્વીપ ખાતે થયેલા ભારતના સાંસ્થાનિક અને સાંસ્કૃતિક પ્રસારણ માટેના પ્રયાસોનું વર્ણન કરો.

- મલાયા દ્વીપકલ્પના દક્ષિણ વિસ્તારમાં આવેલા સુમાત્રાનું મૂળ નામ 'સુવર્ણદ્વીપ' હતું. તેની સ્થાપના ઓડિશાથી આવેલા શૈલેન્દ્રવંશી રાજાએ ચોથી સદીમાં કરી હતી. સાતમી સદીમાં આ રાજ્ય ઘણું શક્તિશાળી બન્યું હતું. શ્રીજયનાગ (શ્રીજયનાથ) નામના બોદ્ધ રાજાએ અહીં સત્તા સ્થાપીને ઈ. સ. 686માં જાવા પર આક્રમણ કર્યું અને તેને જીતી લીધું હતું.
- તેના શાસનકાળમાં ચીની પ્રવાસી ઇસિંગે અહીંની બે વખત મુલાકાત લઈ, બૌદ્ધ ધર્મના એક પ્રતિષ્ઠિત કેન્દ્ર તરીકે તેની પ્રશંસા કરી હતી. તેની નોંધ મુજબ અહીંના રાજા પાસે ભારત-સુમાત્રા વચ્ચે નિયમિત અવર-જવર કરતાં જહાજો હતાં. આઠમી સદીમાં દક્ષિણ ભારતના કાંચીના વતની અને નાલંદા વિધાપીઠના પ્રાધ્યાપક ધર્મપાલ સહિત કેટલાક વિદ્વાનોએ સુમાત્રાની મુલાકાત લઈ અહીં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો.
- નવમી સદીમાં સુમાત્રામાં સ્થાપવામાં આવેલું 'શ્રીવિજય' તરીકે જાણીતું શૈલેન્દ્ર રાજવીઓનું સામ્રાજ્ય પણે ભળવાન અને આગળ પડતું તું. 'શ્રીવિજય' તેનું પાટનગર હતું. આરબ વેપારીમોના જણાવ્યા પ્રમાણે અહીંના રાજાઓએ 'મહારાજા'નું બિરુદ ધારણ કર્યું મતું. તેમણે નોકાદળનો સારો વિકાસ સાધ્યો હતો. આથી તેઓ વારંવાર ચંપા અને કંબોજના રાજ્યો પર આક્રમણ કરતી હતી. આરબ વેપારી મોમે તેમની જાય જલાલી અને પ્રતાપના ભારોભાર વખાણ કર્યા છે. આ રાજાઓ બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયના અન્યાયી હતા. તેમણે રાજ્યમાં અનેક મઠો, સ્તુપો , ચૈત્યો અને વિહારો બંધાવ્યાં હતાં. તેમાં જાવાનો બોરોન્દ્ર સ્તુપ વિશ્વવિખ્યાત છે. અગિયારમી સદીમાં દક્ષિણ ભારતના ચોલ રાજવી રાજેન્દ્ર પ્રથમ આ શૈલેન્દ્ર સામ્રાજ્ય પર વિશાળ નૌકાકાફલા વડે આક્રમણ કરીને તેને જીતી લીધું.